GJJM100002942026

## <u>આંક ૧ લગત હુકમ</u>

1. હાલની ફરીયાદ વંચાણે લીધી. હાલની ફરીયાદ ધ્યાને લેતા હાલની ફરીયાદ માં જણાવેલ આરોપી ધ્રોલ તાલુકાની હકુમત ની બહાર રહેતા હોઈ નામદાર સુપ્રિમ કોર્ટ એ સુઓ મોટો રીટ પીટીશન નંબર ૦૨/૨૦૨૦ માં આપેલ જજમેન્ટ ધ્યાને લેતા હાલની ફરીયાદ ઈન્કવાયરી પર રાખવાનો હુકમ કરવામાં આવેલ તેમજ ભારતીય નાગરીક સુરક્ષા સંહીતા ની કલમ ૨૨૩ મુજબ હાલની ફરીયાદમાં જણાવેલ ગુના અંગે કોગ્નીઝન્સ લેતા પહેલા હાલની ફરીયાદ ની વિગતો બાબતે સુનાવણી માટે તક આપવા સારૂ ફરીયાદમાં જણાવેલ આરોપીને નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ.

2. હાલની ફરીયાદમાં જણાવેલ આરોપીને નોટીસ કરતા હાલની ફરીયાદ માં જણાવેલ આરોપી ને નોટીસ કરતા આંક ૬ થી નોટીસ બજી ને પરત આવેલ છે પરંતુ આરોપી કે તેમના વતી કોઈ હાજર રહેલ નથી. આમ, હાલની ફરીયાદમાં જણાવેલ આરોપીને ને હાલની ફરીયાદ બાબતે ખુલાસો કરવાની તક આપેલ છે પરંતુ તેઓ હાજર રહેલ ન હોઈ કે તેમના વતી કોઈ રજુઆત ન હોઈ હાલની ફરીયાદ બાબતે આરોપીને સાંભળવામાં આવેલ નથી.

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ધ્રોલ.**

3. ફરીયાદી તરફે વિદ્વાન વકીલશ્રી એચ.ડી.પરમાર તરફે રજુઆત છે કે, હાલના કેસના ફરીયાદી અને આરોપી વચ્ચે ધંધાકીય સંબંધના લીધે ઓળખાણ છે. આરોપીએ ફરીયાદી પાસેથી તેમના ટ્રક નુ ડીઝલ ભરવા રૂપીયા ૧,૭૫,૦૦૦/- માંગેલા અને તે રકમ ચુકવવા આરોપી એ ફરીયાદી ને હાલની ફરીયાદ વાળો ચેક આપેલ છે અને તે રીટર્ન થયેલ છે અને તે બાબતે ફરીયાદી એ આરોપીને નોટીસ આપેલ છે પરંતુ આરોપીએ ફરીયાદી ને કોઇ રકમ ચુકવેલ ન હોઇ ફરીયાદી એ હાલની ફરીયાદ દાખલ કરેલ છે જેથી યોગ્ય હુકમ કરવા વિનંતી કરેલ છે.

4. ઉપરોકત રજુઆત તેમજ હાલની ફરીયાદ તથા રેકર્ડ ધ્યાને લેતા ફરીયાદી અને આરોપી વચ્ચે ધંધાકીય સંબંધ હોવાથી એકબીજાને ઓળખે છે. વધુમાં આરોપીએ ફરીયાદી પાસેથી ટ્રકમાં પુરાવેલ ડીઝલ નુ બીલ ચુકવવા માટે રૂપીયા ૧,૭૫,૦૦૦/– માંગેલ અને તે ચુકવવા આરોપીએ હાલની ફરીયાદ વાળો ચેક ફરીયાદી ને આપેલ અને તે ચેક ફરીયાદી એ તેમની ધ્રોલ ખાતે આવેલ બેંકમાં જમા કરાવતા રીટર્ન થયેલ હોઇ ફરીયાદી એ તેમના વકીલ મારફત આરોપી ને લેખિત નોટીસ આપેલ છે તેમ છતા આરોપીએ ફરીયાદીને કોઇ રકમ ચુકવેલ ન હોઇ ફરીયાદી એ હાલની ફરીયાદ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબ દાખલ કરેલ છે જેથી આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટ એ CRIMINAL APPEAL NO. 1534 OF 2017, N. Harihara Krishnan Versus J. Thomas, August 30, 2017 માં આપેલ જજમેન્ટ ના પેરા ૨૩ ધ્યાને લેતા નીચે મુજબ છે.

23. The scheme of the prosecution in punishing under Section 138 of THE ACT is different from the scheme of the CrPC. Section 138 creates an offence and prescribes punishment. No procedure for the investigation of the offence is contemplated. The prosecution is initiated on the basis of a written complaint made by the payee of a cheque. Obviously such complaints must contain the factual allegations constituting each of the ingredients of the offence under Section 138. Those ingredients are:

(1) that a person drew a cheque on an account maintained by him with the banker;

(2) that such a cheque when presented to the bank is returned by the bank unpaid;

(3) that such a cheque was presented to the bank within a period of six months from the date it was drawn or within the period of its validity whichever is earlier;

(4) that the payee demanded in writing from the drawer of the cheque the payment of the amount of money due under the cheque to payee; and

(5) such a notice of payment is made within a period of 30 days from the date of the receipt of the information by the payee from the bank regarding the return of the cheque as unpaid.

It is obvious from the scheme of Section 138 that each one of the ingredients flows from a document which evidences the existence of such an ingredient. The only other ingredient which is required to be proved to establish the commission of an offence under Section 138 is that inspite of the demand notice referred to above, the drawer of the cheque failed to make the payment within a period of 15 days from the date of the receipt of the demand. A fact which the complainant can only assert but not prove, the burden would essentially be on the drawer of the cheque to prove that he had in fact made the payment pursuant to the demand.

આમ, ઉપરોકત પેરા ૨૩ ધ્યાને લેતા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબ ફરીયાદ દાખલ કરવા ઉપર મુજબના તત્વો આવશ્યક છે જેથી હાલની ફરીયાદમાં પણ ઉપરોકત પેરા ૨૩ માં જણાવ્યા મુજબ ના તત્વો ધ્યાને લેતા હાલની ફરીયાદ સાથે રજુ થયેલ આંક ૧૧ મુજબનો તારીખ ૧૨/૧૨/૨૦૨૫ ના રોજ નો ચેક આરોપીએ ફરીયાદીને આપેલ છે અને તે ચેક છેલ્લે આંક ૧૩ મુજબ તે ચેક તારીખ ૦૯/૦૧/૨૦૨૬ ના રોજ 'ફંડસ ઈનસફીશીયન્ટ' ના શેરા સાથે રીટર્ન થયેલ છે અને તે અંગેની આંક ૧૪ વાળી લેખિત નોટીસ ફરીયાદી એ આરોપીને તારીખ ૧૭/૦૧/૨૦૨૬ ના રોજ 30 દીવસ ની અંદર આપેલ છે જે આરોપી ને આંક ૧૬ થી બજી ગયેલ છે. આમ, હાલની ફરીયાદ તથા સાથે રજુ થયેલ ઉપરોકત

દસ્તાવેજો ધ્યાને લેતા હાલની ફરીયાદમાં નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબ ના ઉપરોકત જજમેન્ટ માં જણાવ્યા મુજબ તમામ તત્વો સંતોષાયેલ છે તેમ છતા હાલની ફરીયાદમાં જણાવેલ આરોપી એ ફરીયાદી ને કોઈ રકમ આપેલ નથી.

વધુમાં હાલની ફરીયાદ દાખલ થયા બાદ આરોપીને નોટીસ કરતા હાલની ફરીયાદ માં જણાવેલ આરોપી ને નોટીસ કરતા આંક ૬ થી નોટીસ બજી ને પરત આવેલ છે પરંતુ આરોપી કે તેમના વતી કોઈ હાજર રહેલ નથી. આમ, હાલની ફરીયાદમાં જણાવેલ આરોપીને ને હાલની ફરીયાદ બાબતે ખુલાસો કરવાની તક આપેલ છે પરંતુ તેઓ હાજર રહેલ ન હોઈ કે તેમના વતી કોઈ રજુઆત કરેલ નથી.

આમ, ઉપરોકત તમામ રેકર્ડ પર ની હકીકત તેમજ આક્ષેપ ધ્યાને લેતા હાલની ફરીયાદમાં જણાવેલ આરોપીએ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબ નો ગુનો કરેલ હોવાનુ પ્રથમ દર્શનીય જણાતુ હોઈ ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

1. ફરીયાદી તરફે ની હાલ ની ફરીયાદમાં જણાવેલ આરોપી સામે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ની કલમ ૧૩૮ મુજબ ના ગુના અંગેનો તારીખ ૧૮/૦૫/૨૦૨૬ ના રોજ નો સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,**

**ધ્રોલ.**

2. હાલની ફરીયાદ લગત કરેલ ક્રીમીનલ ઈન્કવાયરી ને ક્રીમીનલ કેસ તરીકે કન્વર્ટ કરી ક્રીમીનલ ઈન્કવાયરી ડીસ્પોઝ ઓફ કરવામાં આવે છે.

ઉપરોકત હુકમ સને ૨૦૨૬ ના એપ્રિલ મહીના ની તારીખ ૨૭ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી હુકમ કર્યો.

તારીખ ૨૭/૦૪/૨૦૨૬

ધ્રોલ.

(મિલાપ એ. કોટડીયા)
(કોડ નંબર જીજે ૦૧૬૩૪)
જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ધ્રોલ.